ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# ચિલોડા મોટા ખાતે સ્વૈચ્છિક લોકડાઉન બાદ આંશિક છૂટછાટથી વેપારીઆલમમાં ઉત્સાહ

ચિલોડા, તા. ૨૫

કોરોનાના કેસો ઘટતા સરકારે આંશિક છૂટછાટ આપતાં જિલ્લાનું પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક વાણિજ્ય બજારોમાં સવારે ૯ થી ૩ વાગ્યા સુધી આંશિક છૂટછાટથી વેપારીઆલમમાં આંશિક ઉત્સાહ અને રાહતની લાગણી પ્રવર્તી છે. ચિલોડાના આજુબાજુના અસંખ્ય ગામોના લોકો માટે ચિલોડા હરહંમેશ વેપાર-ધંધામાં ખરીદ-વેચાણ માટેનું મહત્વનું કેન્દ્ર ગણાય છે. ત્યારે આ વિસ્તારમાં માર્ચ-એપ્રિલ અને મે ત્રણ માસમાં કોરોનાના કેસોમાં વધારો થતાં સ્થાનિક ગ્રામ્યકક્ષાએ સ્થાનિક સત્તાવાહકોએ જનહિતને ધ્યાનમાં રાખી તા. ૧૦ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી બપોરના ૨ વાગ્યા સુધી બજારો ખુલ્લા રાખવા માટે સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યુ હતુ. તમામ વેપારીઆલમો અને નાગરિકોએ સ્વયંભુ વેપાર-ધંધા સ્વૈચ્છિક રીતે બંધ રાખ્યા હતા. ત્યારબાદ કેસોનું પ્રમાણ વધતાં આજદિન સુધી એટલે ૪૨ દિવસ સુધી સ્વયંભૂ રીતે લોકડાઉન પાળી સ્વયં જાળવ્યો હતો. ત્યારબાદ ૨૦મી મે સમય પૂર્ણ થતાં સરકાર દ્વારા આંશિક છૂટછાટ આપતાં ચિલોડા ખાતેના કોમ્પલેક્ષો, દુકાનદારો, નાના-વેપારીઓ, લારી-ગલ્લાવાળા-પાથરણાવાળા તથા અન્ય વેપારીઓએ સવારના ૯ થી ૩ વાગ્યા સુધી બજારો ખુલ્લા રાખતાં ઉત્સાહ અને રાહત થવા પામી હતી.

# હવે આયુર્વેદ તબીબોએ પડતર માંગણીઓ સંતોષવા આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૨૫

કોરોના કાળમાં તબીબોનું મહત્વ ઉડીને આંખે વળગે તેવું જણાઈ આવ્યું છે. તાજેતરમાં ગાંધીનગરમાં એલોપેથી તબીબોએ તેમની પડતર માંગણીઓ માટે હડતાલનુંશરણ લીધુ હતુ જેને સરકારે માંડ માંડ સમેટી છે ત્યાં હવે આયુર્વેદ મેડીકલ ઓફિસર્સ એસોસિએશન એલોપેથી સમકક્ષ ઉચ્ચત્તમ પગાર ધોરણ અને સાતમા પગાર પંચ અનુસાર મળવાપાત્ર લાભો સહિતની પડતર માંગણીઓ પુરી કરવા માંગ કરવામાં આવી છે.

મેડિકલ ઓફિસર્સ આયુર્વેદ એસોસિએશન દ્વારા ૫૦૦ થી વધારે આયુર્વેદિક મેડિકલ ઓફિસર્સ દ્વારા છેલ્લા બે વર્ષથી કરાતી કોરોનાની કામગીરી છતાં એલોપેથી સમાન ઉચ્ચત્તમ પગારધોરણ જે હાઈકોર્ટના ચુકાદા અનુસાર ટીકુ કમિશન અનુસાર ચુકવવામાં આવતુ નથી તેમજ સાતમા પગાર પંચ મુજબ એનપીએની માંગ પણ પડતર છે જે સત્વરે પુરી કરવા મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. એસોસિએશને મુખ્ય ત્રણ માંગણીઓ કરી છે જેમાં જીપીએસસી પાસ હોવા છતાં ઉચ્ચત્તમ પગારધોરણથી વંચિત આયુર્વેદ મેડિકલ ઓફિસર્સને એલોપેથી સમાન પગાર ધોરણ ચુકવાય અને સુપ્રિમ કોર્ટ અનુસાર ૫૦ ટકા લાભ બે મહિનામાં ચુકવી દેવાના આદેશનું પાલન કરાય, સાતમા પગાર પંચ મુજબ એનપીએ આપવા અને ત્રણ વર્ષ પહેલા નિમણૂંક કરાયેલા ૩૩૧ મેડીકલ ઓફિસર્સને બે વર્ષના પ્રોબેશન પિરિયડને માફ કરવાનો સમાવેશ થાય છે. આયુર્વેદ તબીબોએ એલોપેથી તબીબોની જેમ જ કોવિડમાં સેવા આપી હોવાથી તેમને કોરના વોરિયર્સ ગણી તેમની માંગો સ્વીકારાય તેવી રજૂઆત કરી છે.

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી વૈશાખ સુદ-૧૪ના રોજ નૃસિંહ જયંતિ નિમિત્તે મંદિરમાં બિરાજમાન શ્રી ધનશ્યામ મહારાજને નૃસિંહ અવતાર ધારણ કરાવી સતયુગમાં હિરણ્યકશિપુનો વધ કરી જે રીતે ભગવાને એમના ભક્તને ઉગાર્યો એવી જ રીતે પ્રવર્તમાન કોરાનાની પરિસ્થિતિમાંથી સમગ્ર વિશ્વને ઉગારે એવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી

જતીનભાઈ જે દવે
મો. ૯૯૨૪૩ ૪૩૬૮૯

અશ્વિનભાઈ વી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨

વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩

શરદ જે વઘાસીયા

રમણીક ભાઈ પટેલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

પટેલ શંભુભાઈ જીવણલાલ
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮

## ખૂણેખાંચરેથી

● પેથાપુર નગરપાલિકાના પૂર્વ નગરપતિ સુરેશ ભટ્ટનું આજે દુઃખદ અવસાન થતાં પેથાપુરમાં શોકની લાણી પ્રસરી જવા પામી છે.

● રાજ્યના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ડૉ. મુરલી કિષ્ણાને આદિજાતિ વિકાસ વિભાગના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

● રાજ્યના ગૃહ વિભાગે આજે ૩ જેટલા આઈ.પી.એસ. અધિકારીઓને સિલેક્શન ગ્રેડ પેમાં નિયુક્ત કર્યા છે.

● રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આજે રાત્રે વિડીયો કોન્ફરન્સીંગ કરી વેક્સિનેશન અંગેની કેટલીક મહત્વની સૂચનાઓ આપી હતી.

● ગાંધીનગર અને કલોલ તાલુકામાં અપાયેલ લક્ષ્યાંક મુજબ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ નહિ થતા હોવાનું ધ્યાને આવતાં તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭૪૦ લોકોને વેક્શિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનર શહેરમાં કોવિડ વેક્સિશનેશ અભિયાનમાં ૧૮+ યુવાએ ભારે રસ દાખવ્યો છે. આજે સતત બીજે દિવસે પણ ૩૭૪૦ થી વધુ યુવાઓએ વેક્સિનેશનનો પ્રથમ ડોઝ લીધો હતો જ્યારે ૪૫ થી ઉપરની આયુ ધરાવતા ૪૬૭ લોકોએ વેક્સિનેશનનો લાભ લીધો હતો.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૦ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી હતી.

# ચાની લારી પરથી ૨૮ હજારની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૫

શહેરના સેક્ટર-૧૬, ઘ-૪ વિસ્તાર પાસે ચા ની લારી પરથી રૂ.૨૮ હજારની ચોરી કરનાર યુવકને સેક્ટર-૨૭ સાંઈબાબા મંદિર નજીકથી પોલીસે દબોચી લીધો છે. શહેરના સેક્ટર-૨૪ પીળો પટ્ટો આર્દશનગર ખાતે રહેતા ૨૫ વર્ષિય પુરૂષોતમ ઉર્ફે ટીનુભાઈ ભગવાનસિંહ ચૌધરી સેક્ટર-૧૬ ખાતે સ્માર્ટ ચા નામની લારી ચલાવે છે. ગત તા. ૨૩ મે ના રોજ યુવકે ચા ની લારી ખોલી તે સમયે પોતાની સાથે બેંકમાં જમા કરવા માટે ૨૮ હજાર સાથે લાવ્યો હતો. સવારે સાડાનવ વાગ્યે યુવક ચા બનાવીને ગ્રાહકોને આપવા ગયો હતો. થોડીવારમાં તે પરત આવીને કામે લાગી ગયો હતો. આ દરમિયાન એક ગ્રાહકે ચા પીવા આવેલા ગ્રાહકે રૂ.૫૦૦ની નોટ આપતા યુવકે ગલ્લો ખોલ્યો તો અંદર પડેલા પૈસા ગુમ હતા. સમગ્ર મુદ્દે યુવકે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

જેને પગલે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ચોરી કરનાર શખ્સને ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો હતો. પોલીસે આસપાસના સીસીટીવી ફુટેજને આધારે ચોરની ઓળખ કરીને તેને સેક્ટર-૨૭ સાંઈબાબા મંદિર પાસેથી દબોચી લીધો હતો. પોલીસે યુવકને ચેક કરતા તેની પાસેથી રોકડા રૂ.૨૮ હજાર પણ મળી આવ્યા હતા. યુવક કોલવડાના ચાંમુડાપુરા હુડકોમાં રહેતા અક્ષય મુકેશ ગોહિલ હોવાનું સામે આવ્યું હતું. ચા ની કીટલી પર કોઈને ન જોઈને તેને ગલ્લામાંથી રૂપીયા કાઢી લીધા હતા . સમગ્ર મુદ્દે ચા ની કીટલી ધરાવતા યુવકે સેક્ટર-૨૧ પોલીસ મથકે આરોપી સામે ગુનો નોંધાવ્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતેના પુનિત એમ્પોરિયમ તરફથી જરૂરિયાતમંદો માટે દાનમાં આપવામાં આવેલા કપડાનું માણસા પાસેના ઈટાદરા ગામે રેડક્રોસ દ્વારા વિતરણ કાર્ય યોજાયું હતુ જેમાં શહેરના સેવાકર્મી વડીલ જયેન્દ્રભાઈ પરીખ અને મનીષકુમાર પંચોલી જોડાયા હતા. આ પ્રસંગે ઈટાદરા ખાતેના કરૂણાનંદ સેવાશ્રમની તેમણે મુલાકાત લીધી હતી જ્યાં મંદિરના મહંત પ્રભુદાસબાપુએ સેવાશ્રમ સમિતિના કાર્યકરો નિવૃત્ત આર્મી સૈનિક રામસિંગ પરમાર, કનૈયાલાલ આસોડિયા, મનહરભાઈ પઢિયાર, દુર્ગેશભાઈ પરમાર વગેરેની ઉપસ્થિતિમાં શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ.

# રાંધેજામાં પીવાના પાણીના પ્રશ્ને કોંગ્રેસે કમિશનરને મળી રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે પીવાના પાણીની સમસ્યા વિકટ બની છે. પાણીના આ પ્રશ્ને આજે શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ ચાવડા, ભાવેશભાઈ દેસાઈ, ભાવનાબેન પરમાર અને સુનિતાબેન પટેલના પ્રતિનિધિ મંડળે કમિશનરને મળી તાત્કાલિક ઉકેલ માટે રજુઆત કરી છે.

આ આગેવાનોએ જણાવ્યુ છે કે નર્મદાનું પાણી ડહોળુ આવે છે તેમજ ગામનો ટ્યુબવેલ બંધ પડેલ છે. આથી ગ્રામજનો ભારે હાલાકી અનુભવી રહ્યા છે. અત્યારે હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે ગ્રામજનોને શુદ્ધ પેયજળ મળે તે માટે તાકીદે પગલાં તંત્ર દ્વારા લેવાય તેવી માંગણી કરી છે. રાંધેજાના પાણીના પ્રશ્ને ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ કમિશનરને પત્ર લખી આ સમસ્યાના ઝડપી ઉકેલ માટે યોગ્ય પગલાં તંત્ર દ્વારા લેવામાં આવે તેમ જણાવ્યુ છે.

# 'ચા એટલે ચા હોય છે.!' ગીત - ગઝલના શબ્દોને 'સ્મિત મ્યુઝિક' સંગીતમય કરે છે

ગાંધીનગર, તા. ૨૫

સ્મિત મ્યુઝિક દ્વારા ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી કરાઓકે સંગીત અને અન્ય સંગીતના કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. સ્મિત મ્યુઝિકના શ્રી ભરતભાઈ ગક્કર દ્વારા અનેક નવા પ્રયોગો અને નવા અવાજો શહેરને મળ્યા છે. હજુ ગયા મહિને જ એમણે એમનાં ૭૫ સંગીતના શો પૂર્ણ કર્યા છે.

છેલ્લા ઘણા સમયથી કોરોના વૈશ્વિક મહામારીને કારણે જાહેર કાર્યક્રમ બંધ હોવાથી માત્ર સ્ટુડિયોમાં થોડા સભ્યો સાથે કોરોના ગાઈડ લાઈનોનું પાલન કરી ફેસબુક લાઈવ કાર્યક્રમ આયોજિત કરતા હતા પણ કોરોનાની બીજી લહેરને કારણે સંપુર્ણ કાર્યક્રમ બંધ રાખ્યા હતા પણ ભરતભાઈ પોતે કલાકાર જીવ એટલે એમણે અનોખો પ્રયોગ ચાલુ કર્યો.

ગુજરાતી ખ્યાતનામ કવિ શ્રી હરદ્વાર ગોસ્વામીની કોરોના પોઝિટિવ રચનાને એમણે સ્વરબદ્ધ કરી સંગીતમય બનાવતાં તે સૌને પસંદ પડી. આમ તો ભરતભાઈએ દસેક વર્ષ પહેલાં સ્વર્ણિમ ગુજરાત માટે ગીતોને સ્વરબદ્ધ કર્યા હતા એટલે જૂનો શોખ તાજો કર્યો હતો અને એમણે પોતાના ઘરમાં જ ગુજરાતી સર્જકોની રચનાને ગીત સંગીત આપવાનું શરૂ કર્યું. ગુજરાતી ગીત ગઝલ લખતા કવિઓની રચનાઓ માત્ર પોતાના શોખ ખાતર તેઓ સંગીત આપી કંપોઝ કરી એનો વિડિયો બનાવે છે જે લોકોમાં પ્રિય થઈ રહી છે.

# સરગાસણ ખાતે ઘર પર કબ્જો જમાવી રાખનાર વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર નજીક આવેલા સરગાસણ ગામે મકાન વેચાણ કરી દીધા પછી ખાલી નહી કરીને ઘર પર કબ્જો જમાવી રાખનાર વ્યકિત સામે વાવોલ ખાતે રહેતા શંકરપ્રસાદ નારાયણ પ્રકાશ શ્રીવાસ્તવે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ખાતે રહેતા શિવરાજસિંહ પોપટસિંહ વાઘેલા પાસેથી તેઓએ વર્ષ-૨૦૧૭માં ઘર ખરીદ્યું હતું. ઘર માટે રૂ.૧૫ લાખ ચુકવ્યા હતા. સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે મિલકતના માલિક તરીકે તેઓનું નામ ચઢી ગયુ હતું. મકાન વેચાણ પછી શિવરાજસિંહે તે જ મકાન ભાડે માંગતા ફરીયાદીએ માસિક ૨૨૦૦ ના ભાડે અગીયાર મહિનાના કરાર પર ઘર આપ્યું હતું. શિવરાજસિંહે દિકરીના લગ્ન હોવાથી ઘર ભાડે આપવા માટે વિનંતી કરી હતી. જો કે તેઓ ભાડુ ચુકવતા ન હતા અને હાલ પણ ઘર પર શિવરાજસિંહનો કબ્જો છે. જેથી શંકરપ્રસાદેઘર ખાલી કરવા માટે વકીલ મારફતે નોટીસ મોકલ્યા બાદ ગાંધીનગર સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ સમગ્ર મુદ્દે શંકરપ્રસાદે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ કલેકટર કચેરી ખાતે અરજી કરી હતી. અરજીની પ્રાથમિક તપાસમાં ગુનો બનતો હોવાનું લાગતા ગુનો દાખલ કરવાનો હુકમ થયો હતો. સમગ્ર મુદ્દે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર-૩ ન્યુ ખાતે ૧૦ સેકટરના સફાઈ કર્મચારીને અનાજની કીટ વિતરણ કરાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ વસાહત મંડળ અને સ્થાનિક વસાહતીઓના સાથ અને સહકારથી સેકટરમાં સફાઈ કરતા કર્મચારીઓને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોનાની મહામારીમાં ૧૦ સફાઈ કામદારોને કીટ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા અને વસાહતી ભાઈ-બહેનોના હસ્તે આપવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના હોદેદારો હાજર રહ્યા હતા.

# 'જય વિશાળ મહિલા કેળવણી ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા નાના બાળકોને આઈસકીમ તથા બિસ્કિટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

સમગ્ર ગાંધીનગર સહિત રાજયમાં અલગ અલગ વિસ્તારોમાં સતત લોકહિતના અનેકસેવા કાર્યો સહિત અનેક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા 'જય વિશાલ મહિલા કેળવણી ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા આજરોજ જેની સ્મૃતિમાં આ સંસ્થા બનાવવામાં આવેલ છે એવા સ્વ. વિશાલરાજના જનમદિવસ નિમિત્તે આજે ગાંધીનગર શહેરના સેકટર-૧૧, ૭, ૬ સહિતના વિવિધ વિસ્તારોમાં નાના બાળકોને આઈસકીમ તથા બિસ્કિટનું વિતરણ કર્યું હતું તે સમયે સંસ્થાના પ્રમુખશ્રી તેમજ સંસ્થાના સભ્યો અને ટીમ ખાસ હાજર રહ્યા હતા.

# આગામી તા. ૧લી જુને સે-૧૧માં રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં સર્જાયેલી રકત પુરવઠાની અછતને નિવારવા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવી છે અને રકતદાન શિબિરના આયોજન કરી રહી છે. તાજેતરમાં શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત હેપ્પી રકતદાન શિબિરને મળેલા પ્રોત્સાહક પ્રતિસાદ બાદ હવે શહેરની વધુ એક સેવાભાવી સંસ્થા શ્રી ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ તથા મારૂતિનંદન ભારત ગેસ એજન્સી દ્વારા આગામી તા. ૧લી જુને સવારે ૯ થી ૧૨ કલાકે સેકટર-૧૧માં અભિષેક કોમ્પ્લેક્ષ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં એકત્ર થયેલ રકત સિવિલ હોસ્પિલના જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગમાં લેવાશે. આ રકતદાન શિબિરમાં રકતદાન કરાવવા મો.નં. ૯૪૨૯૬ ૩૩૧૪૪, ૯૪૨૮૧ ૧૧૦૩૮ અથવા ૯૪૨૬૩ ૪૯૨૮૮ પર નામ નોંધાવવું હિતાવહ છે. શહેરના યુવાનોએ કોરોનાની રસી લેતા પહેલા રકતદાન કરી લોહીની અછત પુરી કરવા યોગદાન આપવા આયોજકોએ હાકલ કરી છે. રકતદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સાહેબ, આમાં લેટેસ્ટ રિપોર્ટ છે. બે હજાર કેસ નવા થયા. ત્રણ હજાર સાજા થયા અને બાકીના ઘરે હતા તે ગાંડા થયા...!!

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચૌહાણ શીવાજી જવાનજી, ઉ.વ. ૬૬, ધરમપુર (ભૂંડીયા)
- સ્વ. શાહ તરલીકાબેન જીતેન્દ્રકુમાર, ઉ.વ. ૫૪, અમદાવાદ
- સ્વ. વાઘેલા અજીતસિંહ રામાજી, ઉ.વ. ૭૦, પીંડારડા
- સ્વ. ઠાકોર રમણસિંહ અમરસિંહ, ઉ.વ. ૫૮, શિહોલી મોટી
- સ્વ. ચૌહાણ વખતસિંહ વજેસિંહ, ઉ.વ. ૫૮, વાસણા, દહેગામ
- સ્વ. પ્રજાપતિ શાન્તાબેન દ્વારકાભાઈ, કલોલ
- સ્વ. સીંગા કુશ પંચાનન, ઉ.વ. ૪૬, ચંદ્રાલા
- સ્વ. તેલી દિલીપ તુલસીરામ, ઉ.વ. ૭૪, ધોળાકુવા
- સ્વ. ઝાલા લવિંગબા મોહબતસિંહ, ઉ.વ. ૬૫, નારાજીના મુવાડા, તલોદ
- સ્વ. નાયક અનિલભાઈ બાબુભાઈ, ઉ.વ. ૪૪, સેકટર-૨૪
- સ્વ. પંડયા અલકાબેન પરેશકુમાર, ઉ.વ. ૫૩, અલુવા, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. શાહ બીનાબેન શૈલેષભાઈ, ઉ.વ. ૫૩, કુડાસણ
- સ્વ. રાવત મણીલાલ મગનલાલ, ઉ.વ. ૭૨, સેકટર-૨
- સ્વ. મેવાડા વિનોદભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૭૪, સેકટર-૨
- સ્વ. ઠાકોર મંજુલાબેન અરવિંદભાઈ, ઉ.વ. ૪૬, કુડાસણ

# દિવ્ય ત્રિવેદીની ભારત સરકાર દ્વારા પશ્ચિમ રેલવેના સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિમણુંક

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્યના યુવા અગ્રણી અને બ્રહ્મ સમાજના અગ્રણી એવા દિવ્ય ત્રિવેદીની

ભારત સરકારના રેલવે મંત્રાલયના પશ્ચિમ રેલવે ઝોન સલાહકાર સમિતિના સભ્ય તરીકે ત્રણ વર્ષની મુદ્દત માટે નિમણુંક કરવામાં આવી છે. આ અંતર્ગત દિવ્ય ત્રિવેદીનો કાર્યભાર પશ્ચિમ ઝોન ના સભ્ય તરીકે ગુજરાત રાજ્ય, મહારાષ્ટ્ર રાજ્ય, મધ્યપ્રદેશમાં વ્યાપ્ત રહેશે. આ અંતર્ગત ઝોનના સભ્ય તરીકે દિવ્ય ત્રિવેદી સૌથી યુવા સભ્ય છે. દિવ્ય ત્રિવેદીની સાથે અન્ય ૧૫ સભ્યની પણ નિમણુંક કરવામાં આવી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રતિનિધિ (૩ ધારાસભ્ય, ૧૦ સાંસદ અને 3 IAS ) સહીત કુલ ઝોનના ૩૨ સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે દિવ્ય ત્રિવેદી સામાજિક ક્ષેત્રે વિશિષ્ઠ યોગદાન ધરાવે છે. અગાઉ દિવ્ય એ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા અભિયાન પણ કર્યું હતું. રેલવે યાત્રીઓ અને સરકાર વચ્ચે સંકલન જાળવીને મોદી સરકારના સુશાશનનો લાભ છેવાડાના માનવીને મળે તેવો દિવ્ય ત્રિવેદીએ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઑનલાઈન સમર કેમ્પ 'કલામૃતમ્ ૨૦૨૧'ના ત્રીજા દિવસે ૪૫૦૦૦થી વધારે બાળકો જોડાયાં

ગાંધીનગર, તા. ૨૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત પાંચ દિવસના ઑનલાઈન સમર કેમ્પના ત્રીજા દિવસે ચિત્રકામની પ્રવૃત્તિ થઈ હતી. આ કાર્યક્રમમાં ૭૦૫૦૦થી વધુ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અંદાજે ૬૧૯૬૧ થી વધુ જીવંત પ્રશ્નોત્તરીના ઉત્તર આપવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના "વિદ્યાનિકેતન વિભાગ"ના ચિત્રકાર જયદેવ ધાંધિયા દ્વારા બાળકલાકારોને ગુજરાતી અંકોમાંથી પશુ-પંખીનાં રેખાચિત્રો બનાવતાં શીખવવામાં આવ્યાં અને ભૌમિતિક આકારોમાંથી કુદરતી દૃશ્ય પણ બનાવતાં શીખવવામાં આવ્યું. ચારુસત વિદ્યામંડળ, વિદ્યાનગરના નિયામકશ્રી અને ગુજરાતના સિદ્ધહસ્ત કલાકાર કનુભાઈ પટેલ દ્વારા માનવ આકારને દોરવાની સમજ તથા વિવિધ રંગોનો ઉપયોગ કરી ચિત્ર દોરતાં બાળકોને શીખવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ કુણાલ પંચાલે કર્યું હતું. ચિત્રસર્જનના આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૪૫ હજારથી વધારે વિદ્યાર્થી 'યુ-ટ્યૂબ' અને 'વંદે ગુજરાત' ચેનલ ૧ના જીવંત પ્રસારણથી જોડાયા હતા. ચિત્રકલાની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને સાચા અર્થમાં કોરોના અને ભણવાના ટેન્શનથી દૂર કરી દીધા હતા. કુલપતિ હર્ષદભાઈ શાહની શુભકામનાઓ સાથે આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.